# રાજ્યના ૨૦૫ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર

**દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર સુધી વરસાદે માઝા મૂકી : પાંચ દિવસથી વરસાદ ગુજરાતે ધમરોળી રહ્યો છે : મેઘરાજાની ધમાકેદાર બેટિંગને લીધે અમરેલીના ૩૪ ગામ હાઇ એલર્ટ પર : ખોડિયાર ડેમના ત્રણ દરવાજા ખોલ્યાં : નદીના પટ વિસ્તાર સહિત નીચાણવાળા વિસ્તારમાં અવરજવર ન કરવા માટે એલર્ટ મેસેજ જાહેર કરાયા**

## ચોમાસાની શરૂઆતમાં જ જળાશયો છલકાયા

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી સતત મેઘમહેર થઇ રહી છે, ત્યારે સારી વાત એ છે કે ચોમાસાની શરૂઆતમાં જ ઘણા જળાશયો છલકાઈ ગયા છે. જળાશયોમાં ૪૫ ટકા જેટલા પાણીનો સંગ્રહ થયો છે. ૧૫ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે. સરદાર સરોવર ડેમનું જળસ્તર ૫૫ ટકાથી વધી ગયું છે. આ સ્થિતિમાં ચોમાસાના પહેલા રાઉન્ડ બાદ જો વરસાદ ખેંચાય તો પણ ખેડૂતોને વાંધો આવે તેમ નથી. ગુજરાતના આ એ જળાશયો છે, જે હજુ એક સપ્તાહ પહેલા તળિયાઝાટક હતા કે પછી તેમાં નામ પૂરતું પાણી હતું. જો કે ચોમાસાની એન્ટ્રીના એક સપ્તાહમાં જ મોટાભાગના જળાશયો છલકાઈ ગયા છે, કે પછી છલકાવાની અણી પર છે. આ દ્રશ્યો સમગ્ર ગુજરાતને રાહત અપાવે તેવા છે. કેમ કે ડેમ જીવાદોરી છે. એક સપ્તાહના વરસાદમાં જ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ચોમાસાની શરૂઆતમાં જ રાજ્યના ૧૫ ડેમ છલકાયા છે. ૧૬ જળાશયોમાં ૯૦ ટકાથી વધારે પાણી આવ્યું છે. ૧૨ જળાશયોમાં પાણીનો જથ્થો ૮૦થી ૯૦ ટકા છે. ૧૧ જળાશયોમાં ૭૦થી ૮૦ ટકા પાણી છે, જ્યારે ૧૬૭ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછું પાણી છે. ક્ષેત્ર પ્રમાણે ડેમના જળસ્તર પર નજર કરીએ તો ઉત્તર ગુજરાત અને કચ્છના ડેમ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ડેમથી વધુ ભરાયા છે. નવાઈની વાત એ છે કે વરસાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વધુ પડ્યો છે. કચ્છના ૨૦ ડેમ ૫૫ ટકા જેટલા ભરાયા છે. જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૪૭ ટકાથી વધુ પાણી આવ્યું છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ ૩૮ ટકા જેટલા ભરાયા છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૩૫ ટકા પાણી છે. જ્યારે મધ્ય ગુજરાતના ૧૭ ડેમનું જળસ્તર ૩૧ ટકા જેટલું થયું છે. સરદાર સરોવર ડેમની જળસપાટી ૫૪ ટકા થઈ છે. સૌરાષ્ટ્રમાં સતત મેઘમહેર વચ્ચે ૧૦ ડેમ નવા ઓવરફ્લો થયા છે. જામનગરની જીવાદોરી સમાન રણજીતસાગર ડેમ અત્યારથી જ સંપૂર્ણ ભરાઈ ચૂક્યો છે. રંગમતી ડેમ પણ ઓવરફ્લો થયો છે. જિલ્લાના લોકો અને ખાસ કરીને ખેડૂતો માટે આ સારા સમાચાર છે. ચાર દિવસ સુધી સતત વરસાદ થતા અમરેલીના વડિયાનો સુરવો ડેમ પણ ઓવરફ્લો થયો છે. ડેમના દરવાજા ખોલીને સતત પાણીનો નિકાલ થઈ રહ્યો છે. જૂનાગઢમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગથી જિલ્લાને પાણી પૂરું પાડતો હસનાપુર ડેમ ઓવરફ્લો થયો છે. ગિરનારના જંગલો વચ્ચે આવેલો હસનાપુર ડેમ છલકાતાં નયમરમ્ય નજારો સર્જાયો છે. જૂનાગઢના માળિયા-હાટીનાની જીવાદોરી સમાન ભાખરવડ ડેમ, વિસાવદરનો અંબાજળ ડેમ અને ભેંસાણનો ઉબેણ પણ સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. સરદાર સરોવર ડેમની જળસપાટી વધતા નર્મદા નદીમાં સતત પાણી છોડવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર ડેમ હજુ ૫૫ ટકા જેટલો ભરાયો છે.



અમદાવાદ, તા.૨

આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી છે. વલસાડ, નવસારીમાં ભારે વરસાદની આગાહી છે. છેલ્લા પાંચ દિવસથી વરસાદ ગુજરાતે ધમરોળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર સુધી વરસાદે માઝા મૂકી છે. ત્યારે હવે ગુજરાતવાસીઓને ભારે વરસાદથી રાહત મળશે. વરસાદનું જોર ઘટવાનું છે તેવુ હવામાન વિભાગનું અનુમાન છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડે અનુસાર, આજથી રાજ્યમાં વરસાદનું જોર ક્રમશઃ ઘટશે. તો આજે સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દ્વારકા, જામનગર, પોરબંદર અને જૂનાગઢમાં યલો એલર્ટ છે. જેમાં છૂટો છવાયો વરસાદ રહેવાની આગાહી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી રાજ્યમાં વરસાદનું જોર ક્રમશઃ ઘટશે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં યેલો અલર્ટ છે. જેમાં સુરત, નવસારી, ડાંગ, અને વલસાડમાં યેલો અલર્ટ જાહેર કરાયું છે. તો સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને જૂનાગઢમાં યેલો અલર્ટ છે. આજે આ વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ રહી શકે છે. આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે. તો સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પણ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દમણ, વલસાડ, નવસારીમાં ભારે વરસાદની આગાહી છે. હાલમાં ગુજરાતમાં ૨ વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેથી આ ભારે વરસાદ રહ્યો છે. આગામી ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. ત્યારે શનિવારે ગુજરાતના ૨૦૧ તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. વલસાડના ધરમપુરમાં સૌથી વધુ ૯ ઈંચ તો નવસારીના ખેરગામમાં ૮ ઈંચ વરસાદથી ચારેતરફ પાણી જ પાણી થઈ ગયું છે. ગુજરાતમાં વરસાદની સ્થિતિ પર ગૃહમંત્રી અમિત શાહની સીધી નજર છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે અમિત શાહે આ વિશે વાતચીત કરીને માહિતી મેળવી છે. ગુજરાતમાં પૂર જેવી પરિસ્થિતિવાળા વિસ્તારને સંભવ તમામ મદદની ખાતરી આપી છે. તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને માહિતી આપી. પ્રભાવિત વિસ્તારમાં એનડીઆરએફ અને એસડીઆરએફ તૈનાત છે તેવું અમિત શાહે જણાવ્યું. અમરેલી જિલ્લાના ધારી તેમજ ગીર જંગલ વિસ્તારમાં ફરીથી મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે. ધારીના હિરાવા, પાતળા, ત્રંબકપુર, ગઢિયા, તરશીંગડા સહિતના ગામોમાં મૂશળધાર વરસાદ શરૂ થયો છે. ભારે વરસાદને કારણે ધારી પંથકની નદીઓમાં નવા નીરની આવક થઈ છે. ત્યારે હિરાવા ગામની પાસેથી નીકળતી સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હોય તેવા દશ્યો સર્જાયા છે. બીજી તરફ, ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ધારીનો ખોડિયાર ડેમ ફરી છલકાયો છે.

ગીરના જંગલ વિસ્તારમાં ભારે વરસાદ વરસતા ખોડિયાર ડેમમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ છે. મહત્ત્વનું છે કે, ભારે વરસાદને કારણે મોટા પ્રમાણમાં પાણીની આવક થતા ખોડિયાર ડેમના ત્રણ દરવાજા બે-બે ફૂટ સુધી ખોલવાની ફરજ પડી હતી. ખોડિયાર ડેમના દરવાજા ખોલતા કાંઠા વિસ્તારના નીચાણવાળા વિસ્તારમાં પાંચ તાલુકાઓને એલર્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૪ જેટલા ગામને સાવચેત કરવામાં આવ્યા છે. આ સિવાય નદીના પટ વિસ્તાર સહિત નીચાણવાળા વિસ્તારમાં અવરજવર ન કરવા માટે એલર્ટ મેસેજ જાહેર કરવામાં આવ્યો છે.

## નવસારીમાં સૌથી વધુ ખેરગામમાં ૩૦ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૨

નવસારી જિલ્લામાં સૌથી વધુ વરસાદ ખેરગામ તાલુકામાં નોંધાયો છે. સવારે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ખેરગામમાં સવા નવ ઈંચ વરસાદ પડતાં ખેરગામ પાણી પાણી થયુ છે. ત્યાર બાદ પણ અવિરત વરસી રહેલા વરસાદને કારણે ખેરગામની સોસાયટીઓ અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં છે. ૩૦ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ પડતાં ખેરગામની ગાંધીનગર સોસાયટીમાં પાણી ભરાવા સાથે લોકોના ઘરોમાં પણ પાણી ઘુસતા લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ઘરોમાં ભરાયેલા પાણીના નિકાલ માટે સંબંધીઓ મદદે આવ્યા છે. જ્યારે ગ્રામ પંચાયતે પાણી ભરવા મુદ્દે કોઈ સુધ પણ નથી લીધી. ત્યારે સોસાયટી નજીક થયેલા દબાણને કારણે પાણીનો નિકાલ ન થતા લોકોને મુશ્કેલી પડી રહી છે.

નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદે જન જીવન અસ્તવ્યસ્ત કર્યુ છે. નવસારી તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે જિલ્લાની નદીઓ બંને કાંઠે વહી રહી છે અને હવે પુરની સ્થિતિ સર્જી રહી છે. ત્યારે કાવેરી નદી ૧૪ ફૂટે વહેતી થતાં બીલીમોરા શહેરના કિનારાના વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ છે. ત્યારે શહેરના દેસરા નજીકના કુંભારવાડ વિસ્તારમાં ૪ દિવસથી ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ ન થતા સ્થાનિકોમાં તંત્ર સામે રોષ છે. કારણ કે નજીકથી પસાર થતી રેલ્વે લાઈન પાસે રેલ્વે દ્વારા દિવાલ બનાવવામાં આવી છે.

બીજી તરફ વાઘરેચ પાસે બની રહેલા ટાઈડલ ડેમની પ્રોટેક્શન વોલમાં પાણીના નિકાલ માટે બનાવેલા હોલ ઘના ઉંચા હોવાથી પાણીનો નિકાલ થઈ નથી રહ્યો જેને કારણે પુર નહીં પણ વરસાદી પાણીનો ભરાવો થયો હોવાના આક્ષેપો સાથનિકો લગાવી રહ્યા છે.

## સુતરેજ ગામે પૂરમાં બે ખેતમજૂરોને એરલીફ્ટ કરાયા

જામનગર, તા.૨

ગત તા.૧ જુલાઈના રોજ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના સુતરેજ ગામે ભારે વરસાદના પરિણામે પૂરની પરિસ્થિતિ સર્જાઇ હતી.તે દરમિયાન એક ખેતરમાં પાણી ઘૂસી જતાં ખેતમજૂરી કરતાં બે લોકો સામળા સાંગાભાઈ (ઉ.વ.૩૦) અને માવદિયા પોલાભાઈ (ઉ. વ.૫૦) પાણીના પ્રવાહમાં ફસાયા હતા. અને ખેતરમાંથી બહાર નીકળવાની કોશિસ કરતાં તેઓ પાણીના પ્રવાહમાં તણાયા હતા. બાદમાં તેઓએ ગામના સરપંચને મદદ માટે ફોન કર્યો હતો. પરંતુ પાણીનો પ્રવાહ વધુ હોવાના લીધે તેઓને બહાર કાઢવા મુશ્કેલ હોય જુનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જામનગર જિલ્લા વહીવટી તંત્રનો સંપર્ક કરી હેલિકોપ્ટરની મદદ માંગતા જામનગર એરફોર્સના જવાનોએ તાત્કાલિક સુતરેજ ગામે પહોંચીને બંને યુવકોને એરલીફ્ટ કર્યા હતા.બાદમાં જામનગર સલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. સામળા સાંગાભાઈએ જણાવ્યું હતું કે, તા.૩૦ જૂનના રોજ રાત્રિ દરમિયાન તેઓ ખેતરે હતા તે દરમિયાન વરસાદના પરિણામે પાણી ખેતરોમાં ઘૂસી ગયા હતા. અને સવારે તેઓએ ખેતરમાંથી બહાર નીકળવાની કોશિસ કરી ત્યારે તેઓ પાણીમાં તણાયા બાદમાં થાંભલો વચ્ચે આવતા પકડી લીધો અને ગામના સરપંચશ્રીને મદદ માટે ફોન કર્યો.

## ઘેડ પંથકમાં અવર-જવર માટે જેસીબી અને ટ્રેક્ટરનો સહારો

### હું પોતે જેસીબીમાં બેસીને આવ્યો છું : સાંસદ રમેશ ધડુક

જુનાગઢ, તા.૨

જુનાગઢ જિલ્લામાં હાલ તો વરસાદે વિરામ લીધો છે. પરંતુ હજુ પુરની સ્થિતિ યથાવત છે. પુરની સ્થિતિ યથાવત હોવાના કારણે લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. જેમના કારણે ગામના કેટલાય લોકો ટ્રેક્ટર અથવા જે.સી.બીના સહારે બાજુના ગામમાં અથવા તો શહેરમાં જીવન જરૂરિયાત વસ્તુ લેવા મજબૂત બન્યા હતા ભારે વરસાદના કારણે હજી પણ વાડી વિસ્તારમાં કેટલાય લોકો ફસાયા હોવાનું સામે આવ્યું છે અને હજુ પણ ઓજત નથી બે કાંઠે હોવાના કારણે લોકો એક બીજી જગ્યાએ અવર-જવર કરી નથી શકતા, ત્યારે આજે સાંસદ રમેશ ધડુક, ધારાસભ્ય દેવાભાઈ માલમ સહિતના નેતાઓ પૂરગ્રસ્તની મુલાકાતે પહોંચ્યા હતા. સાંસદ રમેશભાઈ ધડુક જેસીબીમાં બેસી ગામના લોકોની મૂલાકાતે પહોંચ્યા હતા. સાંસદ રમેશ ધડુકે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઘેડ પંથકના ગામોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાયા છે. હું પોતે પણ અહી જેસીબીમાં બેસીને આવ્યો છું. વાહનવ્યવહાર ઠપ્પ થઈ ચૂક્યો છે, ઘેડના ૨૫ જેટલા ગામોમાં ઉપજાઉ જમીનમાં પાણી ફરી વળ્યા છે. અગાઉ પણ મેં તંત્રને રજૂઆત કરી છે અને આગામી સમયમાં પણ હું તંત્રને રજૂઆત કરીશ. ઘેડ પંથકમાં પાણી ભરવાની વર્ષો જૂની સમસ્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે આ સ્થિતિ સર્જાય છે અને ગઈકાલે મેં મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે અને નુકસાનીને જલ્દીથી જલ્દી સર્વે થાય તે અંગેની પણ માંગ કરી છે.

## લોથલ ખાતે નિર્મિત થઈ રહેલા વિશ્વના સૌથી મોટા મેરીટાઈમ મ્યુઝિયમ કોમ્પ્લેક્સની પ્રગતિની ગાંધીનગર માં ઉચ્ચ સ્તરીય બેઠમાં સમીક્ષા

**કેન્દ્રીય મંત્રીઓ સર્બાનંદ સોનોવાલ : ડો. મનસુખ માંડવીયા અને બે રાજ્ય મંત્રી : ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા**

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે ગુજરાતના ગાંધીનગરમાં લોથલ ખાતે નિર્મિત થઈ રહેલા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી.

આ મીટિંગમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા; માનનીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ તેમજ પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ યેસો નાઈક અને બંદરો, શિપિંગ અને જળમાર્ગ રાજ્ય મંત્રી શ્રી શાંતનુ ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા. મીટિંગ દરમિયાન સંરક્ષણ મંત્રાલય (ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડ) સાથે એક દરિયાઈ ગેલેરીઃ ''ધ જર્ની ઓફ ઈન્ડિયન નેવી એન્ડ કોસ્ટ ગાર્ડ'' (ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડની યાત્રા) માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મીટિંગ દરમિયાન કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, 'આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય, ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (દ્રઉઁસ્ઝ) વિકસિત કરી રહ્યું છે. આ કોમ્પ્લેક્સ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે. દ્રસ્ઉઁઝ એ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના સાગરમાલા પ્રોગ્રામના મુખ્ય પ્રોજેક્ટ્સમાંનું એક છે અને તે વિશ્વનું સૌથી મોટું મેરીટાઈમ મ્યુઝિયમ કોમ્પ્લેક્સ હશે.'

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટની પ્રગતિ અંગે પોતાની ખુશી વ્યક્ત કરી છે અને રાજ્યને સોંપવામાં આવેલી વિવિધ જવાબદારીઓ નિભાવવામાં ગુજરાત તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેમજ રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પણ ગુજરાત સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

## ગૃહમંત્રી અમિત શાહે રિવરફ્રન્ટમાં ફ્લોટિંગ રેસ્ટોરેન્ટ શરૂ કરાવી

અમદાવાદ, તા.૨

આજે અમદાવાદીઓને સૌથી મોટી ભેટ મળી છે. રિવરફ્રન્ટ પર ક્રૂઝની સવારીના ઈન્તેજારીનો અંત આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રિવરફ્રન્ટમાં ફ્લોટિંગ રેસ્ટોરેન્ટ શરૂ કરાવી છે.

હવેથી ૧૫ કરોડના ખર્ચે બનેલી ક્રૂઝ આજથી અમદાવાદમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ક્રુઝમાં પ્રત્યેક વ્યક્તિ દીઠ ડિનરના ૨૫૦૦ રૂપિયા અને લંચના ૨૦૦૦ ભાવ નક્કી કરાયા છે. લગભગ ૧.૫ કલાક સુધી ક્રુઝની મજા માણી શકાશે. તેમજ સામાજિક પ્રસંગોની પણ ઉજવણી માટે તેને બુક કરી શકાશે.

અમદાવાદના ગરિમામય ઈતિહાસને આગળ ધપાવતા આજે રૂપિયા ૧૫ કરોડના ખર્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર શીપ અંતર્ગત ''અક્ષર રીવર ક્રુઝ''નો શુભારંભ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે કરાયો છે. આ નવીન અને આધુનિક આકર્ષણ નગરજનો તથા પ્રવાસીઓને સાબરમતીની સુંદરતા વધુ નજીકથી નિહાળવાનો અવસર પ્રદાન કરવાની સાથે અમદાવાદના વ્યંજનોના સ્વાદથી પરિચિત કરાવશે. તથા અમદાવાદના પર્યટન ક્ષેત્રને પણ વેગ પ્રાપ્ત થશે.

સાબરમતી રીવરફ્રન્ટની સુંદરતામાં અભિવૃદ્ધિ કરતા આ નવીનત્તમ આકર્ષણનું લોકાર્પણ અમિત શાહ દ્વારા વર્ચ્યુઅલ કરાવાયુ હતું. અમિત શાહે આ ઉદઘાટન પ્રસંગે કહ્યું કે, આજે અમદાવાદીઓને નવું નજરાણું ગુજરાત સરકાર અને છસ્ઝ આપી રહ્યાં છે તેમને હું અભિનંદન પાઠવું છું. રિવરફ્રન્ટ જ્યાં સુધી ન બન્યું ત્યાં સુધી નદી કોઈએ જોઈ જ ન હતી. પ્રધાનમંત્રી જ્યારે મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે સપનું જોયું. નદીના કારણે પાણીના સ્તર તો ઉંચા આવ્યા જ, પણ મોર્નિંગ વૉક કરવા, બાળકો, યુવાનો વૃદ્ધોને તેમજ સામાજિક ગતિવિધિઓ માટેનું મધ્યમ બન્યું છે. આ ક્રુઝ અમ્દાવાદ માટે એક નવું નજરાણું બનવાનું છે. ભારતમાં તૈયાર થયેલી આ પ્રથમ વખત મેટાલિક ક્રુઝ છે. ટુરિઝમને વધારનારી આ ક્રુઝ અમદાવાદીઓ જરૂર માણશે. જેને ૧૮૦ લાઈવ જેકેટ્સ અને ઈમરજન્સી રેસ્ક્યુ બોટ્સ સાથે તેની ડિઝાઈન કરવામાં આવી છે. ભદ્ર પ્લાઝા, અને હવે ગાંધી આશ્રમ ડેવલોપ થઈ રહ્યું છે. આ પ્લાનિંગ અને વિઝન નરેન્દ્ર મોદીનું હતું. વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ પણ આપણે ત્યાં છે. ગુજરાતના ટુરિઝમને આગળ વધારવા માટે નરેન્દ્ર મોદીએ પ્રયાસ કર્યો છે. આજે હું અમદાવાદના નગરજનોને અભિનંદન પાઠવું છું.

## સેન્કો ગોલ્ડ લિમિટેડનો આઈપીઓ ચોથી જુલાઈએ ખૂલશે

અમદાવાદ, તા.૨

સેન્કો ગોલ્ડ લિમિટેડ ("કંપની") મંગળવાર, ૦૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ રૂ. ૪,૦૫૦ મિલિયન ("ઓફર")ના મૂલ્ય સુધીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ("ઈક્વિટી શેર્સ")ના ઈક્વિટી શેર્સના આઈપીઓ સબસ્ક્રિપ્શન ખોલવાની દરખાસ્ત કરે છે. આઈપીઓમાં રૂ. ૨,૭૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના નવા ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને SAIF Partners India IV Limited ("સેલિંગ શેરહોલ્ડર") દ્વારા રૂ.૧,૩૫૦ મિલિયન સુધીના ("વેચાણ માટેની ઓફર") ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગનો સમયગાળો સોમવાર, ૦૩ જુલાઈ, ૨૦૨૩ છે. ઓફર ગુરુવાર, ૦૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ બંધ થશે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. ૩૦૧થી રૂ. ૩૧૭ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૪૭ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

કંપનીએ ફ્રેશ ઈશ્યૂની ચોખ્ખી આવકનો ઉપયોગ કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતને ભંડોળ પૂરું પાડવા માટે કરવાની દરખાસ્ત કરી છે જે રૂ. ૧,૯૬૦ મિલિયન હોવાનો અંદાજ છે અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે છે. ("ઓબ્જેક્ટ્સ ઓફ ધ ઈશ્યૂ")

ઈક્વિટી શેર ૨૭ જૂન, ૨૦૨૩ની તારીખે કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("RHP") દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે, જે કોલકાતા ("ROC") ખાતે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, પશ્ચિમ બંગાળમાં ફાઈલ કરવામાં આવી છે અને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") પર લિસ્ટિંગ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે NSEએ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

### સોંપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ હાથ નહીં ધરવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે હાલ સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. વરસાદી સંજોગોમાં માર્ગ સલામતી જોખમાય છે. જયારે શહેરના મુખ્યમાર્ગોને અનુલક્ષી સાત ઉભા અને સાત આડા સહીત કુલ ૧૪ રસ્તાઓની નિભાવણી કરવા માટે પણ હવે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ખાનગી પેઢીને કામ સોંપી દેવાશે અલબત્ત ગુડા વિસ્તારની જેમ શહેરમાં પણ રસ્તાઓની સુધારણાનુ કામ નિયત સમય નક્કી કરી એજન્સીને સોંપી દેવાશે. આ ઉપરાંત વહીવટી તંત્રમાં ઓપરેટર, ચોકીદાર સહીતનો મેન પાવર પુરો પાડવા માટે પણ એજન્સીને જવાબદારી સોંપવામાં આવશે.

### ખરીફ વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમાસુ બાજરીનું વાવેતર માત્ર દહેગામ તાલુકામાં ૨૦૫ હેક્ટરમાં નોંધાયુ છે. તો કલોલમાં જ માત્ર ૫૪ હેક્ટરમાં મગનું વાવેતર નોંધાયુ છે. જિલ્લામાં ગવારનું વાવેતર ૨૪૦ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં દહેગામમાં ૧૨,૫૩૫ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૨,૩૯૦ હેક્ટરમાં, કલોલમાં ૪૦૦૯ હેક્ટરમાં અને માણસામાં ૧૩,૧૨૪ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

### પાવર ગેમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિવસેનામાં પોતાનો દાવો રજૂ કર્યો હતો. એ જ રીતે અજીત પણ એનસીપી પર પોતાનો દાવો રજૂ કરી શકે છે. કારણ કે ૫૩ ધારાસભ્યો સાથે NCPના ત્રણ સાંસદો પણ અજિત પવારને સમર્થન આપી રહ્યા છે. જો આમ થશે તો મહારાષ્ટ્રમાં ફરી એકવાર સરકાર અને પાર્ટી પાર્ટ-૨ તૂટતા જોવા મળશે. તેમજ આ રાજકીય ગરબડમાંથી બહાર આવવું શરદ પવાર માટે મુશ્કેલ કામ હશે.

બીજેપી નેતા સુધીર મુનગંટીવારે કહ્યું કે, આખી એનસીપી સામેલ થઈ રહી છે. જેમાં ૪૦થી વધુ ધારાસભ્યો ભાગ લઈ રહ્યા છે. વળી, શિન્દે સરકારમાં મંત્રી શંભુરાજ દેસાઈએ કહ્યું, અમે અજિત પવારનું સ્વાગત કરીએ છીએ. તેમના નિર્ણયનું સ્વાગત છે. શપથ ગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી એકનાથ શિન્દે અને દેવેન્દ્ર ફડણવીસ સ્ટેજ પર બેઠા હતા.

### ૭૦ ટકા કામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોડ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટનો રોડ ભારતના પશ્ચિમ બંગાળ, આસામ, નાગાલેન્ડ, મણિપુર થઈને મ્યાનમારમાં પ્રવેશશે. મ્યાનમારના માંડલે, નૈપ્યીડો, બોગો, યંગૂન અને મ્યાવાડી જેવા શહેર અને વિસ્તારમાં થઈને આ મહત્વપૂર્ણ રોડ થઈલેન્ડમાં પ્રવેશશે.

### ચૂંટણી લડીશું

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધો છે. વિપક્ષ મોદી સામે ભડક્યો છે.

૯ વર્ષમાં પીએમ મોદીએ દેશને આગળ લઈ જવાનું કામ કર્યું છે. અજિત પવારે કહ્યું કે સરકારમાં વધુ મંત્રીઓ જોડાશે. અજિત પવારે પ્રેસ કોન્ફરન્સમાં મોટો દાવો કર્યો છે. અજિત પવારે બેફામ કહી દીધું કે અમે NCPના સિમ્બોલ પર ચૂંટણી લડીશું. હવે NCPમાં નવા લોકોને તક મળશે. પાર્ટી અને ચૂંટણી ચિન્હ મારું છે. અજિત પવારે સાથે NCPના મોટા ભાગના ધારાસભ્યો સામેલ છે.

### સમર્થન કર્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવવાનો પ્રયાસનો તો ઉલ્લેખ છે, પણ તેને થોપવાનું નથી. એટલા માટે આ તમામ વાતોનું ધ્યાનમાં રાખીને ભાજપે દેશમાં સમાન નાગરિક સંહિતાને લાગૂ કરવા માટે પગલા ઉઠાવવા જોઈએ. અમારી પાર્ટી UCC લાગૂ કરવાની વિરુદ્ધમાં નથી, પણ ભાજપ અને તેની સરકાર તરફથી દેશમાં લાગૂ કરવાની રીતથી સહમત નથી.

અહીં ઉલ્લેખનિય છે કે, સમાન નાગરિક સંહિતા પર બિલ આ વખતે ચોમાસું સત્રમાં આવી શકે છે. તો વળી ઉત્તરાખંડમાં તો યૂસીસી લાગૂ કરવા માટે ડ્રાફ્ટ પણ તૈયાર કરી લીધો છે. હાલમાં જ ભોપાલની રેલીમાં પીએમ મોદી પણ યૂસીસીન ઉલ્લેખ કરી ચુક્યા છે. સમાન નાગરિક સંહિતાનો કાયદો જો દેશમાં લાગૂ થશે તો તમામ ધર્મો માટે સિવિલ મામલામાં એક કાયદો હશે. પર્સનલ લોનો રોલ લગભગ ખતમ થઈ જશે.

### ઉભી કરીને

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવીશું. મહારાષ્ટ્ર આ ખેલને સહન નહીં કરે. તેની પહેલા રવિવારે મુંબઈમાં પોતાના સત્તાવાર નિવાસસ્થાને ધારાસભ્યો સાથે અજીત પવારની બેઠક પર પ્રતિક્રિયા આપતા એનસીપી પ્રમુખ શરદ પવારે કહ્યું કે, તેમને બેઠક અંગે કોઈ જાણ ન હતી. શરદ પવારે કહ્યું કે, વિધાનસભામાં વિપક્ષના નેતા (LOP) પાસે ધારાસભ્યોની બેઠક બોલાવવાનો અધિકાર હતો. તે નિયમિત રૂપે આવું કરે છે.

એનસીપી પ્રમુખ શરદ પવારે કહ્યું, મારા કેટલાંક સહયોગીઓએ અલગ વલણ અપનાવ્યું છે. મે ૬ જુલાઈએ તમામ નેતાઓની એક બેઠક બોલાવી હતી, જ્યાં કેટલાંક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવાની હતી અને પાર્ટીની અંદર કેટલાંક બદલાવ કરવાના હતાં, પરંતુ તેની પહેલા બેઠકમાં કેટલાંક નેતાઓએ અલગ વલણ અપનાવ્યું.